GJVD010066192025

| | | | |
|---|---|---|---|
| કેસ પ્રાપ્ત તારીખ | ૧૦/૦૯/૨૦૨૫ | | |
| કેસ રજી. કર્યા તારીખ | ૧૦/૦૯/૨૦૨૫ | | |
| કેસ ફેંસલ તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | **૦૦** | **૧૦** | **૧૮** |

**આંક**

**<u>ફોર્મ– "એ"</u>**

**<u>વડોદરાની સ્પે. (પોકસો) કોર્ટ અને એડીશ્નલ સેશન્સ કોર્ટ,મુ.વડોદરા.</u>**

**ચુકાદા તારીખઃ .૨૮/૦૭/૨૦૨૬**

**<u>સ્પેશીયલ કેસ (પોક્સો) નં.૧૧૮/૨૦૨૫</u>**

બાપોદ પો.સ્ટે.ગુ.ર.નં.એ–૧૧૧૯૬૦૦૨૨૫૦૪૨૦/૨૦૨૫.

| | |
|---|---|
| **ફરિયાદી.** | **શ્રી સરકાર.** |
| **ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટર.** | **શ્રી પી.સી.પટેલ** |
| **આરોપી** | **મોહમદ ઉંમર અબ્દુલજબ્બાર સૈયદ**<br>ઉ.વ.આ.૩૦,<br>રહે.લક્ષ્મીનગર,<br>એકતાનગર આજવા રોડ,<br>વડોદરા શહેર.<br>મુળ રહે.સાહાચૌખા ગામ,<br>તા.કુંન્હાના જીલ્લો, ગુડગાંવ,<br>હરિયાણા. |
| **આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ** | **વિ.વ.શ્રી.એમ.એફ.ખત્રી** |

**<u>ફોર્મ– "બી"</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૧/૦૧/૨૦૧૯ થી તા.૧૩/૦૭/૨૦૨૫ |

અધિક સત્ર ન્યાયાધીશ અને
સ્પે.પોકસો જજ, વડોદરા.

| | |
|---|---|
| એફ.આઈ.આર.ની તારીખ | ૧૬/૦૭/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૧૦/૦૯/૨૦૨૫ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૧૯/૦૧/૨૦૨૬ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૩૦/૦૧/૨૦૨૬ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૨૨/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | ------------- |

## <u>આરોપીની વિગત</u>

| આરોપીનો ક્રમ | આરોપીઓના નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ-૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **મોહમદ ઉંમર અબ્દુલજબ્બાર સૈયદ** | ૧૬/૦૭/૨૫ | ૦૨/૦૪/૨૬ | હા, બી.એન.એસ ની કલમ ૬૪(૨)(એમ), ૩૫૧(૨) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ- ૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬ મુજબ | નિર્દોષ | - | - |

## <u>ફોર્મ-સી</u>

## (એ) <u>ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા</u>

| ક્રમ નંબર | સાહેદ નંબર | આંક | નામ | વિગત |
|---|---|---|---|---|
| **મુખ્ય સાહેદો** | | | | |
| **૧** | **૧** | **૦૯** | ભોગ બનનાર | ફરીયાદી/ ભોગ બનનાર |
| **અન્ય સાહેદ** | | | | |
| **૨** | **૪** | **૨૭** | જલ્પેશભાઈ રમણભાઈ પટેલ | સબ રજીસ્ટ્રાર |
| **મેડીકલ ઓફીસર** | | | | |
| **૩** | **૨** | **૧૯** | ડો.રાઘવેન્દ્રનારાયણ રામ આધારસિંહ | મેડીકલ ઓફીસર |
| **૪** | **૩** | **૨૪** | ડો.રાજેન્દ્ર અંબાલાલ ચૌહાણ | ગાયનેકોલોજીસ્ટ |

અધિક સત્ર ન્યાયાધીશ અને
સ્પે.પોકસો જજ, વડોદરા.

| પોલીસ સાહેદો | | | | |
|---|---|---|---|---|
| ૫ | ૫ | ૩૩ | મનસુખ કાનજીભાઈ ગુર્જર | ત.ક.અમલદાર |
| ૬ | ૬ | ૬૨ | પ્રજ્ઞાબેન હસમુખભાઈ બ.નં.૨૨૦૩ | પી.એસ.ઓ. |

**(બી) બચાવપક્ષ ધ્વારા :**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર. |
|---|---|---|
| -- | કોઇ સાહેદ તપાસેલા નથી. | -------- |

**(સી) અદાલત ધ્વારાઃ**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર. |
|---|---|---|
| -- | કોઇ સાહેદ તપાસેલા નથી. | -------- |

## (એ) ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા

| ક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | ભોગ બનનારનો શાળા છોડયાનો દાખલો |
| ૨ | ૧૧ | ફરીયાદ |
| ૩ | ૧૨ | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન |
| ૪ | ૨૦ | ભોગ બનનારની શારીરીક ચકાસણી કરવા કરેલ ચાદી |
| ૫ | ૨૧ | ફોરવર્ડીંગ પત્ર |
| ૬ | ૨૨ | ભોગ બનનારનો ઓપીડી કેસ પેપર્સ |
| ૭ | ૨૩ | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૮ | ૨૫ | ભોગ બનનારનું મેડીકોલીગલ સર્ટીફીકેટ |
| ૯ | ૨૮ | જન્મ–મરણ રજીસ્ટરના સબંધિત પાનાની પ્રમાણીત નકલ |
| ૧૦ | ૨૯ | ભોગ બનનારનો જન્મનો દાખલો |

| | | |
|---|---|---|
| ૧૧ | ૩૦ | રેકર્ડ જુનુ હોય અને હાલ કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી તેની જાણ કરતો પત્ર |
| ૧૨ | ૩૧ | ભોગ બનનારનો જન્મનો દાખલો વેરીફાઈ કરવા માટે કરેલ પત્ર |
| ૧૩ | ૩૨ | ભોગ બનનારનો જન્મનો દાખલો વેરીફાઈ કર્યા અંગેનો પીઆઈશ્રી, બાપોદનાઓને પાઠવેલ પત્ર |
| ૧૪ | ૩૪–૩૬ | અલગ–અલગ વર્ધીઓ |
| ૧૫ | ૩૭ | ગુનો રજીસ્ટર કરવા કરેલ હુકમ |
| ૧૬ | ૩૮ | આરોપીની શરીરસ્થિતી અને કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ |
| ૧૭ | ૩૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૧૮ | ૪૦ | ભોગ બનનારના કપડા કબજે કર્યા અંગેનું પંચનામુ |
| ૧૯ | ૪૧ | આરોપીના ડીએનએ માટે જરૂરી સેમ્પલ મેળવવા કરેલ યાદી |
| ૨૦ | ૪૨–૪૫ | સરકારી પંચો ફાળવવા કરેલ યાદી |
| ૨૧ | ૪૬ | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન લેવા કરેલ યાદી |
| ૨૨ | ૪૭ | અસલ સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૨૩ | ૪૮–૫૦ | એફ.એસ.એલ. કચેરીને મોકલેલ રવાનગી નોંધ |
| ૨૪ | ૫૧–૫૩ | એફ.એસ.એલ.માં મુદામાલ મળ્યા અંગેની પહોંચ |
| ૨૫ | ૫૪–૫૫ | અસલ એફ.એસ.એલ.રીપોર્ટ |
| ૨૬ | ૫૬ | ડી.એન.એ. અહેવાલ |
| ૨૭ | ૫૭–૬૧ | પંચસ્લીપ |
| ૨૮ | ૬૩ | સ્ટેશન ડાયરીની પ્રમાણીત નકલ |

**(બી) બચાવપક્ષ તરફે :**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર. |
|---|---|---|
| -- | કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. | -------- |

અધિક સત્ર ન્યાયાધીશ અને
સ્પે.પોકસો જજ, વડોદરા.

| | | |
|---|---|---|
| | | |

**(સી) અદાલત ધ્વારાઃ**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર. |
|---|---|---|
| -- | કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી. | -------- |

**(ડી) મુદ્ધામાલની વિગતો**

| ક્રમ | મુદ્ધામાલની વિગત | માર્ક |
|---|---|---|
| ૧ | એક જાંબલી કલરની અડધી બાયની જુની પહેરેલ મેલા જેવી ટી–શર્ટ | બી–૧ |
| ૨ | એક ડાર્ક ગ્રીન કલરનું જુનુ પહેરેલ નાઈટ પેન્ટ | બી–૨ |
| ૩ | એક લાલ, સફેદ, ઘાટા વાદળી તથા આછા વાદળી કલરની પ્રિન્ટેડવાળો જુનો પહેરેલ જાંગીયો | બી–૩ |
| ૪ | એક લીલા કલરનું પોણી બાયનું પહેરેલુ ટોપ | એ–૧ |
| ૫ | એક ઘાટો વાદળી કલરનો નાળાવાળો જુનો પહેરેલ લેંઘો(પાયજામો) | એ–૨ |

**(નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત (નીપુણ સકસેના વી. યુનીયન ઓફ ઈન્ડીયા (૨૦૧૯) ૨ એસસીસી ૭૦૩) અને કાયદાની જોગવાઇને લક્ષમાં રાખી સદરહું ચુકાદામાં ભોગ બનનારનાં નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ "ભોગ બનનાર" તરીકે ઉલ્લેખ કરેલ છે.)**

**ગુનોઃ** **ભારતીય ન્યાય સંહીતાની કલમ–૬૪(૨)(એમ), ૩૫૧(૨) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬ મુજબનો.**

(૧) આ કામના આરોપી સામે વડોદરાના બાપોદ પો.સ્ટે. ગુના રજી.નં.એ–૧૧૧૯૬૦૦૨૨૫૦૪૨૦/૨૦૨૫ થી **ભારતીય ન્યાય સંહીતા–૨૦૨૩** (જેને હવે પછી ટુંકમા બી.એન.એસ. તરીકે વર્ણવેલ છે) ની કલમ–૬૪(૨)(એમ), ૩૫૧(૨) તથા **જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨** (જેને હવે પછી ટુંકમા પોકસો એકટ તરીકે વર્ણવેલ છે) ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬ મુજબ ના ગુના નોંધાયેલ છે.

**<u>ફરિયાદપક્ષના કેસની ટુંકમા હકીકતઃ-</u>**

(૨) ફરિયાદપક્ષના કેસની સંક્ષિપ્તમાં હકીકત જોઇએ તો ફરિયાદી/ભોગ બનનારે તા.૧૬/૦૭/૨૦૨૫ ના રોજ એવી ફરિયાદ હકીકત જાહેર કરેલ છે કે તે ફરીયાદમાં જણાવેલ સરનામે તેમના પરિવાર સાથે રહે છે. ભોગ બનનાર એકતાનગર નુરાની મહોલ્લાના નાકે આવેલ જાકીર ટ્રેડર્સ નામના ભંગારની દુકાનમાં નોકરી કરે છે અને તેણીના પિતા માનસિક બિમાર છે જેથી કોઇ કામ ધંધો કરતા નથી. તેણી ભણેલી નથી.

(૨.૧) ફરીયાદ કર્યાના છ વર્ષ પહેલા તેણી નુરાની મહોલ્લાના નાકે આવેલ જાકીર ટ્રેડર્સ નામના ભંગારના કારખાનામાં ભંગાર છૂટો પાંડવાની નોકરી ચાલુ કરેલ હતી એ વખતે ભંગાળના કારખાનામાં તેણી તથા તેની સાથે નેના તથા એક ચાચી પણ ત્યાં નોકરી કરતા હતા. જાકીર ટ્રેડર્સના માલિક ઉંમર સૈયદ નાએ તેણીએ નોકરી ચાલુ કર્યાના બે મહિના બાદ તેણીની સાથે વાત કરવાનું ચાલુ કરેલ અને આ ઉમરે તેણીને તેની વાતોમાં લીધેલ અને તેણીની નોકરીનો સમય સવારના આઠ વાગ્યા થી સાંજના સાત વાગ્યા સુધીનો હતો જેમાં બપોરના એકાદ વાગ્યાથી બે વાગ્યા સુધીમાં હતો. વાતચીત ચાલુ કર્યાના બે ત્રણ દિવસ પછીના દિવસે બપોરના જમ્યા બાદ આ ઉંમર સૈયદ નાએ તેણીને જણાવેલ કે ગોડાઉનની અંદરની બાજુ સાફ સફાઇનુ કામ છે તેમ કહી બોલાવેલ જેથી તેણી ગોડાઉનની અંદરની સાઇડ ગયેલ અને ત્યાં આ ઉંમરે તેણીની સાથે જબરજસ્તી કરતા તેણીએ ના પડે પરંતુ તેને તેણીની માતા તથા ભાઈને મારી નાખવાની ધમકી આપતા તેણી ડરી ગયેલ જેથી તેને ભોગ બનનાર સાથે, જબરજસ્તી તેણીની મરજી વિરુધ્ધનું પ્રથમવાર શારીરીક સંબંધ બાંધેલ અને તે બાદ આ ઉંમર સૈયદે તેણીને ડરાવી, ધમકાવી અવાર-નવાર દર ત્રણ ચાર દિવસે તેણીની મરજી વિરુધ્ધ શારીરીક સંબંધ બાંધતો હતો. ફરીયાદ કર્યાના સાત આઠ મહીના પહેલા તેણીને માસિક આવવાનું બંધ થયેલ જેથી તેણીએ તે સંબંધે ઉમર સૈયદને વાત કરેલી કે માસિક આવેલ નથી તો આ ઉમર સૈયદે કોઈ વાતનું ધ્યાન આપેલ ન હતુ અને તેણી ડરના લીધે ઘરે પણ કોઈને વાત કરી ન હતી. ધીરે ધીરે તેણીનું પેટ વધતું જતું હોય જેથી તેણીએ ઉંમરને અવાર નવાર વાત કરેલ પરંતુ ઉંમરે કોઈ વાત ધ્યાન ઉપર લેતો ન હતો અને તેણી ગર્ભવતી

હોવાની તેણીને ખબર પડતા તેણી વધુ ગભરાઈ ગયેલ અને ઘરે તેણીની માતાને પણ વાત કરી ન હતી. ત્યારબાદ તા.૧૩/૦૭/૨૦૨૫ ના સવારના આશરે છ વાગ્યાના સુમારે અચાનક પેટમાં દુખાવો થતા તેણી તથા તેણીની માતા તેણીને જમનાબાઈ હોસ્પિટલમાં સારવાર માટે લઈ આવેલ. જ્યાં જમનાબાઈ હોસ્પિટલના ડો.શ્રીએ તેણી ગર્ભવતી હોવાનું જણાવતા તેણીની માતાને ખબર પડે અને સવારમાં આશરે સાડા સાતેક વાગ્યના સુમારે તેણીને ડીલીવરી થયેલ અને પુરુષ બાળકને જન્મ આપેલ જન્મ થયેલ બાળકને શ્વાસની તકલીફ હોય જેથી તેમને જમનાબાઇલ હોસ્પિટલથી રીફર કરી એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે બાળકની તથા તેણીની સારવાર માટે મોકલતા તેઓ એસ.એસ.જી હોસ્પિટલ સારવાર માટે આવેલ. જેથી સને-૨૦૧૯ થી જાકીર ટ્રેડર્સના માલિક ઉમર સૈયદનાએ ભોગ બનનારના ભાઈ તથા માતાને મારી નાખવાની ધમકી આપી તેના ભંગારના ગોડાઉનમાં તેણીની મરજી વિરુદ્ધ અવાર નવાર શરીર સંબંધ બાંધી ગર્ભવતી બનાવેલ જેના પરિણામે સ્વરૂપ તેણીને તા.૧૩/૦૭/૨૦૨૫ ના સવારના આશરે સાડા સાતેક વાગ્યે પુરુષ બાળકનો જન્મ થયેલ હોય જેથી આ ઉમર સૈયદ વિરુદ્ધમાં ધોરણસર તપાસ થવા હાલની ફરિયાદ આપેલ છે.

(૩) ફરિયાદને આધારે વડોદરા, બાપોદ પોલીસ સ્ટેશનના પી.આઇ.એ ફરિયાદીના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લઇ ફરિયાદ મુજબના ગુના દાખલ કરવા સારુ પી.એસ.ઓ.ને રીપોર્ટ સાથે મોકલી આપેલ. પી.એસ.ઓ.એ ફરિયાદ મુજબના ગુના દાખલ કરી, ગુનાની તપાસ, તપાસ કરનાર અમલદારને સોંપતા,તપાસ કરનાર અમલદારે તપાસના કામે ભોગ બનનારની ઉંમર સંબંધે જરૂરી આધાર પુરાવાઓ મેળવી તપાસમાં કામે સામેલ રાખેલ,તપાસના કામે લાગતા વળગતા સાહેદોના વિગતવારના નિવેદનો લીધેલ, આરોપી તથા ભોગ બનનાર મળી આવતા પંચો રૂબરૂ શરીર સ્થિતિ અંગેના તેમજ ભોગ બનનાર બનાવ સમયે પહેરેલ કપડા કબ્જે કર્યા અંગેના વિગેરે પંચનામાં કરેલ તેમજ આરોપી તથા ભોગ બનનારની મેડીકલ તપાસ કરાવવા અંગેની જરૂરી યાદીઓ કરી, તેઓની મેડીકલ તપાસ અંગેના જરૂરી પ્રમાણપત્રો મેળવી તપાસના કામે સામેલ રાખેલ, મેડીકલ ઓફિસરશ્રીએ આરોપી તથા ભોગ બનનારની મેડીકલ તપાસ

દરમિયાન આરોપી તથા ભોગ બનનારના જૈવિક નમુના એફ.એસ.એલ.માં પરિક્ષણ અર્થે લીધેલ જે નમૂના તથા મુદામાલ કપડા એફ.એસ.એલ.માં પરિક્ષણ અર્થે રવાનગી પત્રક સાથે મોકલી આપેલ. એફ.એસ.એલ. તરફથી મુદામાલ મળ્યા અંગેની પહોંચ તથા ફોરવર્ડિંગ પત્ર સાથે મુદામાલ પૃથક્કરણ અહેવાલ મળતા તે પણ તપાસના કામે સામેલ રાખેલ, તેમજ **ભોગ બનનારનું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩(ટુંકમાં બી.એન.એસ.એસ.)ની કલમ–૧૮૩** મુજબનું નિવેદન લીધેલ. તે તમામ કેસ પેપર્સ સાથે સામેલ રાખી તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોઇ,બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૧ મુજબ ખાસ અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ. જે સ્પે. પોકસો કેસ નં.૧૧૮/૨૦૨૫ થી નોંધાયેલ છે.

(૪) આ કામના આરોપી જામીન ઉપર મુકત હોય તેઓને સમન્સ કાઢતા, આરોપી પોતાના વિ.વ.શ્રી મારફત નામ. કોર્ટમા હાજર થતા આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ, આરોપી સામે આંક–૦૭ થી તા.૧૯/૦૧/૨૦૨૬ ના રોજ મારા વિ.પુરોગામી ન્યાયાધીશશ્રીએ બી.એન.એસ.ની કલમ–૬૪(૨)(એમ), ૩૫૧(૨) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬ મુજબના ગુનાનુ તહોમત વાંચી સંભળાવી ફરમાવી આંક–૦૮ થી પ્લી રેકર્ડ કરેલ જેમા આરોપીએ તેમની સામેનાં આક્ષેપિત ગુનાઓનો સ્પષ્ટ ઈન્કાર કરતા, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૪.૧) નોંધનીય છે કે સદર કામ પુરાવાના તબકકા ઉપર પેન્ડીંગ હતુ તે દરમ્યાનમાં ડીસ્ટ્રીકટ કોર્ટના ઓફીસ ઓર્ડર નં.૧૧૩૬/૨૦૨૬ થી સદર કેસ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈને આવેલ છે.

(૫) આરોપીઓ વિરુદ્ધ આંક–૦૭ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદપક્ષ તરફે ઉપર મુજબનાં મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

(૬) ફરિયાદપક્ષે આંક–૬૪ થી વધુ પુરાવો આપવા માંગતા ન હોય અંગેની ક્લોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલી છે. ફરિયાદપક્ષનો પુરાવો નોંધી

લીધા બાદ આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપીઓએ પોતાની વિરુદ્ધનાં પુરાવાનો સ્પષ્ણપણે ઇન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે,''ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટી ચાર્જશીટ દાખલ કરી ખોટી જુબાનીઓ આપેલ છે. તેઓ નિર્દોષ છે.

(૭) ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી પી.સી.પટેલ તથા આરોપીના વિ.વ.શ્રી એમ.એફ.ખત્રીની મૌખિક દલીલો સાંભળી.

**<u>ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી પી.સી.પટેલની મૌખિક દલીલો</u>**

(૮) વિ.એ. પી. પી. શ્રી. પી.સી.પટેલનાઓ તરફથી ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે કે આક્ષેપિત આંક–૦૭ થી ફરમાવવામાં આવેલ તહોમતનામું પ્રોસીક્યુશન શંકારહિત સાબિત કરવામાં સફળ રહેલ છે. ભોગ બનનાર બનાવ સમયે ૧૪ વર્ષની હતી. તેમજ ભોગ બનનારે પોતાનો જન્મ ડીસેમ્બર મહીનાની છઠ્ઠી તારીખ હોવાનું જણાવેલ છે અને તે રીતે ભોગ બનનારની જન્મ તા.૦૬/૧૨/૨૦૦૪ હોવાનું પ્રોસીક્યુશન શંકારહિત સાબિત કરેલ છે. ભોગ બનનારની ઉંમર પુરવાર કરવા માટે સાહેદ નં. ૪ જલ્પેશભાઈ રમણભાઈ પટેલના પુરાવા ઉપર પ્રોસીક્યુશને આધાર રાખેલ છે. તેઓના પુરાવા થકી ભોગ બનનારની જન્મ તા.૦૬/૧૨/૨૦૦૪ હોવાનું સ્પષ્ટ રીતે પુરવાર થાય છે. અને તેથી ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હતી.

(૮.૧) શ્રી પટેલનાઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ભોગ બનનારને આરોપી માતા અને ભાઈને મારી નાખવાની ધમકી આપી અવાર–નવાર ગોડાઉનમાં તેણીની સાથે શારીરીક સબંધ બાંધી ગુનો કરેલ હોવાની હકીકતને ભોગ બનનારના પુરાવા થકી સમર્થન મળે છે અને ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદનથી પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય છે. શ્રી પટેલનાઓએ તબીબી સાહેદોના પુરાવા તરફ ધ્યાન દોરી રજુઆત કરેલ છે કે ભોગ બનનારે બનાવ અંગેની હિસ્ટ્રી આપેલ છે તે પણ સમર્થનકારક છે. શ્રી પટેલનાઓએ એવી પણ રજુઆત કરેલ છે કે આંક–૫૬ વાળા ડી.એન.એ. અહેવાલ મુજબ ભોગ બનનારના પુરુષ બાળકના જૈવિક પિતા તરીકે હાલના આરોપી પ્રસ્થાપિત

થયેલ છે. તેમજ પ્રોસીકયુશનને પોલીસ સાહેદોના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા થકી આરોપી વિરુધ્ધ ફરમાવેલ તહોમતનામું શંકારહિત સાબિત કરેલ હોય આરોપીને સખતમાં સખત સજા કરવા તથા ભોગ બનનારને યોગ્ય વળતર વળતરની રકમ ચુકવવા રજુઆત કરેલ છે.

**<u>બચાવપક્ષના વિ.વ.શ્રી એમ.એફ.ખત્રીની મૌખિક દલીલો</u>**

(૯) વિ.એ.પી.પી.શ્રીએ કરેલ દલીલનો વિરોધ કરી પ્રતિ દલીલ કરતા વિ.વ.શ્રી એમ.એફ.ખત્રી નાઓએ ભારપૂર્વક રજુઆત કરેલ છે કે પ્રોસીકયુશન આંક–૦૭ થી ફરમાવેલ તહોમતનામુ શંકારહિત પુરવાર કરવા સદંતર નિષ્ફળ રહેલ છે. પ્રોસીકયુશને પોતાનો કેસ વાજબી શંકારહિત સાબીત કરવાનો હોય છે અને જયારે પોકસો કેસના આક્ષેપો હોય ત્યારે ભોગ બનનારની ઉંમર શંકારહિત સાબિત કરવામાં પ્રોસીકયુશન નિષ્ફળ રહેલ છે. શ્રી ખત્રીનાઓએ સાહેદ નં.૪ જલ્પેશભાઈ રમણભાઈ પટેલના પુરાવા તરફ ધ્યાન દોરી દલીલ કરેલ છે કે આ સાહેદે પોતાના પુરાવામાં આંક–૨૯ વાળો ભોગ બનનારનો જન્મનો દાખલો રજુ રાખેલ છે જેમાં ભોગ બનનારની જન્મ તા.૦૬/૧૨/૨૦૦૪ હોવાનું જણાવેલ છે. જયારે આંક–૧૦ વાળો ભોગ બનનારનો શાળા છોડયાનો દાખલો ધ્યાને લેવામાં આવે તો તેમાં ભોગ બનનારની જન્મ તા.૦૧/૦૬/૨૦૦૪ દર્શાવેલ છે. આમ, પ્રોસીકયુશન તરફે જે દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે તેમાં ભોગ બનનારની અલગ–અલગ જન્મ તારીખ જણાઈ આવે છે. તે રીતે ભોગ બનનારની જન્મ તારીખમાં વિસંગતતા આવેલ હોય તે અને તે અંગેનો કોઈ ખુલાસો પ્રોસીકયુશન તરફે રજુ કરવામાં આવેલ ન હોય તેમજ તપાસ કરનાર અમલદાર ધ્વારા કબુલ રાખેલ છે કે ફરીયાદ આપી તે વખતે ભોગ બનનારની ઉંમર ૨૩ વર્ષની હતી. તે સંજોગોમાં પ્રોસીકયુશન ભોગ બનનારની ઉંમર પુરવાર કરી શકેલ નથી અને તેથી ભોગ બનનાર સગીર વયની ન હોવાનું સાબિત થયેલ ન હોય, એટલે કે પુખ્ત વયની હતી, જેથી જે પણ શારીરીક સંબધ ભોગબનનારની મરજી સાથે હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૯.૧) શ્રી ખત્રીનાઓએ એવી પણ રજુઆત કરેલ છે કે મહત્વના સાહેદ એવા ભોગ બનનારે પ્રોસીકયુશનના કેસને સમર્થન કરેલ નથી. આમ, આરોપીને સાંકળતો કોઈ પુરાવો પ્રોસીકયુશન ધ્વારા સાબિત કરવામાં આવેલ નથી. આમ, પ્રોસીકયુશને આક્ષેપિત તહોમતનામું પુરવાર કરવા નિષ્ફળ નિવડેલ હોય આરોપીને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે. તેમજ ભોગ બનનારના અદાલત સમક્ષના પુરાવામાં અને તબીબી સમક્ષ જે હિસ્ટ્રી આપેલ છે તેમાં અલગ અલગ વિગતો ખુલવા પામેલ છે જે ભોગ બનનારના પુરાવાને શંકાસ્પદ બનાવે છે. શ્રી ખત્રીનાઓએ એવી રજુઆત કરેલ છે કે તબીબી સાહેદોના પુરાવા મુજબ ભોગ બનનારના શરીર ઉપર કોઈપણ ઈજાના નિશાના જોવા મળેલ નથી તેથી પણ ફરીયાદ પક્ષનો પુરાવો શંકાસ્પદ બને છે. ભોગબનનાર પુપુખ્ત વયની હોય, પ્રોસીકયુશન આક્ષેપિત તહોમતનામું પુરવાર કરવામા સંદતર નિષ્ફળ નિવડેલ હોય આરોપીને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

(૧૦) આ કામે બંને પક્ષકારોની રજુઆતો અને પુરાવાને ધ્યાનમાં લઈ, કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલા છે.

**<u>મુદ્દા</u>**

૧. શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે, ભોગ બનનાર બનાવ સમયે સગીર વયના હતા?

૨. શું ફરિયાદપક્ષ પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૧૩/૦૭/૨૦૨૫ સુધી ફરીયાદી/ભોગ બનનાર સગીર વયની હતી ત્યારથી તેની માતા અને ભાઈને મારી નાખવાની ધમકી આપી ફરીયાદી/ભોગ બનનારની મરજી વિરુધ્ધ આરોપીના જાકીર ટ્રેડર્સ નામના ભંગારના ગોડાઉનમાં અવાર-નવાર શારીરીક સબંધ બાંધી ગર્ભવતી બનાવેલ જેના પરિણામ સ્વરૂપે ફરીયાદીને તા.૧૩/૦૭/૨૦૨૫ ના સવારના કલાક ૦૭/૩૦ વાગ્યે પુરુષ બાળકનો જન્મ થયલ અને તે રીતે ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ-૬૪(૨)(એમ), ૩૫૧(૨) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓ કરેલા છે?

૩. શું હુકમ?

(૧૧) ઉપરોકત મુદ્દાના કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ નિર્ણયો નીચે મુજબ છેઃ–

**૧. નકારાત્મક**

**૨. નકારાત્મક.**

**૩. આખરી હુકમ મુજબ.**

**--// કારણો //--**

**મુદા નં.૧**

(૧૨) આ ગુનાના કામે બનાવ તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૧૩/૦૭/૨૦૨૫ ના અરસામાં બનેલ છે જેથી બનાવ વખતે આ કામના ભોગ બનનાર સગીર હતા કે કેમ? તે હકીકત અંગે આ કામે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવાના આધારે નકકી કરવી રહી. પોકસો એકટની કલમ–૩૪ વંચાણે લેતા બાળક ધ્વારા થયેલ ગુનાના કિસ્સામાં અને ખાસ અદાલત ધ્વારા તેની ઉંમર અંગે અનુમાન કરવા માટે અનુસરવાની કાર્યરીતીની જોગવાઇ કરવામાં આવેલ છે. સૌપ્રથમ ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે નામ.સર્વોચ્ચ અદાલતે ક્રિમિનલ અપિલ નં.૪૪૨/૧૦ (સુપ્રિમ કોર્ટ) સ્ટેસ ઓફ એમ.પી. વિરુદ્ધ અનોપસિંહ તેમજ ૧૯૯૬(૨) સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં.૧૮૪ વિગેરે મુજબનાં ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત લક્ષમાં લેવા જરૂરી ગણું છું. જે મુજબ ભોગ બનનાર ની ઉંમર નકકી કરવા માટે મહત્વના પુરાવા પૈકી ગણી શકાય.નામ. સુપ્રીમ કોર્ટે ઉપરોકત ચુકાદામાં સ્પષ્ટ પણે ઠરાવેલ છે કે,

11. In the present case, the central question is whether the prosecutrix was below 16 years of age at the time of the incident. The prosecution in support of their case adduced two certificates, which were the birth certificate and the middle school certificzte. The date of birth of the prosecutrix has been shown as 29.08.1987 in the Birth Certificate (Ext. P/5), while the date of birth is shown as 27.08.1987 in the Middle School Examination Certificate. There is a difference of just two days in the dates mentioned in the abovementioned Exhibits. The Trial Court has rightly observed that the birth certificzte Ext.P/5 clearly shows that the registration regarding the birth was made on 30.10.1987 and keeping in view the fact that registration was made within 2 months of the birth, it could not be guessed that the prosecutrix was shown as underaged inview of the possibility of the incident in question. We are of the view that the discrepancy of two days in the two documents adduced by the prosecution is immaterial and the High Court was wrong in

presuming that the documents could not be relied upon in determining the age of the prosecutrix.

12. This Court in the case of **Mahadeo S/o Kerba Maske Vs. State of Maharashtra and Anr., (2013)14 SCC 637,** has held that Rule 12(3) of the Juvenile Justice (care and Protection of Children) Rules, 2007, is applicable in determining the age of the victim of rape. Rule 12(3) reads as under.

**Rule 12(3) :** In every case concerning a child or juvenile in conflict with law, the age determination inquiry shall be conducted by the court of the Board of, as the case may be, the Committee by seeking evidence by obtaining (i) the matriculaion of equivalent certificated, if available ; and in the absence whereof ; (ii) the date of birth certificate from the school (other than a play school) first attended ; and in the absence whereof ; (iii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat ;(b) and only in the absence of either (i), (ii) or (iii) of clause (a) above, the medical opinion will be sought from a duly constituted Medical Board, which will declare the age of the juvenile or child. In case exact assessment of the age cannot be done, the Court or the Board of, as the case may be, the Committee, for the reasons to be recorded by them, may, if considered necessary, give benefit to the child or juvenile by considering his/her ago on lower side within the margin of one year. and, while passing orders in such case shall, after taking into consideration such evidence as may be available, or the medical opinion, as the case may be, record a finding in respect of his age and either of the evidence specified in any of the clauses (a)(i), (ii), (iii) or in the absence whereof, clause (b) shall be the conclusive proof of the age as regards such child orthe juvenile in conflict with law.

13. This Court further held in paragraph 12 of Mahadeo S/o Kerba Maske (supra) as under : Under rule 12(3)(b), it in specifically provided that only in the absence of alternative methods described under Rule 12(3)(a) (i) to (iii), the medical opinion can be sought for. In the light of such a statutory rule prevailing for ascertainment of the age of the juvenile in our considered opinion, the same yardstick can be rightly followed by the courts for the purpose of the ascertaining he age of a victim as well. (Emphasis supplied) This Court therefore relied on the certificates issued by the school in determining the age of the prosecutrix. in paragraph 13, this Court observed : In light of our above reasoning, in the case on hand, there were certificates issued by the school in which the proseuctrix did her V standard and in the school leaving certificate issued by the school under Exhibit 54, the date of birth has been clearly noted as 20.05.1990 and this document was also proved by PW 11. Apart from that the transfer certificate as well as the admission form maintained by the Primary School, Latur, where the prosecutrix had her initial education, also confirmed the date of birth as 20.05.1990. the reliance placed upon the said evidence by the Courts below to arrive at the age of the prosecutrix to hold that the prosecutrix was below 18 years of age at the time of occurrence was perfectly justified and we do not find any grounds to interfere with the same.

**In Jarnail Singh vs State Of Haryana** CRIMINAL APPEAL NO. 1209 OF 2010 on 1 July, 2013, .............Therefore, in our considered opinion, it would be just and appropriate to apply Rule 12 of the 2007 Rules, to determine the age of the prosecutrix VW-PW6. The manner of determining age conclusively, has been expressed in sub-rule (3) of Rule 12 extracted above. Under the aforesaid provision, the age of a child is ascertained, by adopting the first available basis, out of a number of options postulated in Rule 12(3). If, in the scheme of options under Rule 12(3), an option is expressed in a preceding clause, it has overriding effect over an option expressed in a subsequent clause. The highest rated option available, would conclusively determine the age of a minor. In the scheme of Rule 12(3), matriculation (or equivalent) certificate of the concerned child, is the highest rated option. In case, the said certificate is available, no other evidence can be relied upon. Only in the absence of the said certificate, **Rule 12(3), envisages consideration of the date of birth entered, in the school first attended by the child. In case such an entry of date of birth is available, the date of birth depicted therein is liable to be treated as final and conclusive, and no other material is to be relied upon**..............

**(૧૩)** હવે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાતો ધ્યાનમાં લેતા તે હકીકત પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની રહે છે. નામદાર સુપ્રિમ કોર્ટે ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જન્મનો દાખલો શ્રેષ્ઠ પુરાવો ગણાય. તેમજ ઉંમર સંદર્ભે જયારે ફરીયાદપક્ષ ધ્વારા શાળાના રજીસ્ટરનો ઉતારો કે જન્મના પ્રમાણપત્રનો પુરાવો અને તે બંને પુરાવા ન હોય તો મેડીકલ તપાસણી દરમ્યાન નકકી કરવામાં આવેલ ઉંમર લક્ષમાં લેવી જોઈએ.

**(૧૪)** ભોગ બનનાર ની ઉંમર સંબંધે ફરીયાદપક્ષ તરફથી રજુ રાખેલ પુરાવાની મુલવણી કરવામાં આવે તો **આંક–૦૯ થી સાહેદ નં.૧ ભોગ બનનાર**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ભોગ બનનારને પોતાના પુરાવામાં તેણીની જન્મ તારીખ ડીસેમ્બર મહિનાની છઠ્ઠી તારીખ છે, પરંતુ વર્ષ યાદ નથી તેમ જણાવેલ છે. નિ.૬/૫ તેણીનો શાળા છોડયાનો દાખલો છે જે ઓળખી બતાવતા તેને આંક–૧૦ આપવામાં આવેલ છે. આ અનુસંધાને બચાવપક્ષ તરફથી ઉંમર પુરવાર કરવા માટે **સાહેદ નં.૪ જલ્પેશભાઈ રમણભાઈ પટેલ**નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદે સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે,વડોદરા મહાનગર પાલીકામાં

જન્મ–મરણ સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવે છે. તેઓએ પોતાના પુરાવા થકી અસલ રજીસ્ટરમાં પ્રથમ એન્ટ્રી તા.૦૧/૦૧/૨૦૨૫ થી છેલ્લી એન્ટ્રી તા.૩૧/૦૩/૨૦૨૫ સુધીની થયેલ છે. જેમાં ભોગ બનનારની જન્મ નોંધણી ક્રમાંક ૨૦૦૫/૦૯/૦૦૨૮ થી થયેલ છે. જેમાં ભોગ બનનારનું નામ તેના માતા પિતા નું નામ જન્મ સ્થળ અને **જન્મ તા.૦૬/૧૨/૨૦૦૪** ની નોંધ કરેલ છે. જે જન્મ નોંધણી તા.૦૬/૦૧/૨૦૦૫ ના રોજ થયેલ છે જે રજીસ્ટરના પાના નંબર ૨ ઉપર એન્ટ્રી નંબર ૦૦૨૮ થી કરવામાં આવેલ છે. જે રજીસ્ટરના સંબંધિત પાનાની પ્રમાણિત નકલ આંક–૨૮ થી રજુ છે. આ સાહેદે આગળ જણાવેલ છે કે કચેરીના ઉપલબ્ધ રેકર્ડના આધારે ભોગ બનનારનો જન્મ નો દાખલો ઈસ્યુ કરવામાં આવેલ જે આંક ૨૯ થી રજુ છે. ભોગ બનનારની જન્મની જાણ કરવામાં આવેલ પરંતુ તે રેકર્ડ જૂનું હોય હાલ કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી તે અંગેનો પત્ર આંક–૩૦ થી રજૂ છે. અને પી.આઈ.શ્રી બાપોદ પો.સ્ટે.નાઓએ ભોગ બનનારનો જન્મનો દાખલો વેરીફાઈ કરવા માટે પત્ર પાઠવેલ જે આંક–૩૧ થી રજુ છે અને જેના આધારે તેઓએ ખરાઈ કરી જન્મનો દાખલો ઈસ્યુ કરેલ છે.

**(૧૪.૧)** બચાવપક્ષ તરફે આ સાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમાં સાહેદે કબુલ રાખેલ છે કે જન્મની નોંધણી નોંધણી મોડી થયેલ હોય લેટ ફી સ્વીકારીને જન્મની નોંધણી થયેલ છે. તેમજ રેકર્ડના આધારે જુબાની આપતા હોવાનું કબુલ રાખેલ છે. અલબત્ત પોલીસ કાર્યવાહીને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાનો ઈનકાર કરેલ છે.

**(૧૫)** આ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો સૌથી મહત્વની હકીકત એ બની રહે છે કે <u>આંક–૨૯ વાળા જન્મના દાખલાના આધારે ભોગ બનનારની જન્મ તા.૦૬/૧૨/૨૦૦૪ હોવાનું જણાઈ આવે છે.</u> જ્યારે પ્રોસીકયુશન તરફથી ભોગ બનનારનાં પુરાવા દરમિયાન <u>આંક–૧૦ થી ભોગ બનનારનો શાળા છોડ્યાનો દાખલો રજુ કરવામાં આવેલ છે જે મુજબ ભોગ બનનારની જન્મ તા.૦૬/૦૧/૨૦૦૪ હોવાનું જણાવેલ છે.</u> એટલે કે પ્રોસીકયુશન તરફથી ભોગ બનનારની ઉંમર અંગેના બે અલગ–અલગ દસ્તાવેજો રજુ રાખવામાં આવેલ છે. જેમાં <u>આંક–૧૮ વાળો શાળા છોડયાના</u>

દાખલા મુજબ ભોગ બનનારની જન્મ તા.૦૧/૦૬/૨૦૦૪ છે અને આંક–૨૯ વાળા જન્મના દાખલા મુજબ ભોગ બનનારની જન્મ તા.૦૬/૧૨/૨૦૦૪ છે. આમ ભોગ બનનારની જન્મ તારીખ અલગ–અલગ હોવાનું રેકર્ડ ખુદ પ્રોસીકયુશને રજૂ કરેલ પુરાવા થકી જણાઈ આવે છે. આ સાહેદે પોતે ઉલટતપાસમાં સ્પષ્ટ જણાવેલ છે કે ભોગ બનનારની જન્મ નોંધણી એક વર્ષ મોડી કરવામાં આવેલ છે. એટલે કે ભોગ બનનાર ની જન્મ નોંધણી તા.૦૬/૦૧/૨૦૦૫ ના રોજ કરવામાં આવેલ છે એટલે કે આશરે એકાદ વર્ષ મોડી કરવામાં આવેલ છે. પરંતુ કયા દસ્તાવેજના આધારે કરવામાં આવેલ છે તેવું પ્રોસીકયુશન રેકર્ડ ઉપર રજૂ કરી શકેલ નથી. આ બાબત એટલા માટે મહત્વની બની રહે છે કે આંક–૧૦ વાળો શાળા છોડ્યાનો દાખલો અને આંક–૨૯ વાળા જન્મના દાખલામાં બે અલગ અલગ જન્મ તારીખ રેકર્ડ ઉપર ઉપસ્થિત થયેલ હોય, ત્યારે ભોગ બનનારની જન્મ નોંધણી એક વર્ષ મોડી કરવામાં આવેલ છે તે બાબત મહત્વની બની રહે છે અને એક વર્ષ મોડી જન્મ નોંધણી કયા દસ્તાવેજના આધારે કરવામાં આવેલ છે તે બાબત પણ મહત્વની બની રહે છે. સૌથી મહત્વની હકીકત એ બની રહે છે કે પ્રોસીકયુશન તરફથી ભોગ બનનારના માતા–પિતાને તપાસેલા નથી કે જેઓ આ અંગેનો ખુલાસો કરી શકે. ભોગ બનનારની જન્મ તારીખ બાબતેના શ્રેષ્ઠ સાહેદ તેણીના માતા–પિતા ગણી શકાય. પરંતુ પ્રોસીકયુશન તરફથી ભોગ બનનારના માતા–પિતાને તપાસેલા નથી. તે સંજોગોમાં રેકર્ડ ઉપર ભોગ બનનારની બે જન્મ તારીખ આવેલ છે અને સાથે સાથે ભોગ બનનારની જન્મ નોંધણી આશરે એકાદ વર્ષ મોડેથી નોંધણી થયેલ હોય તે સંજોગોમાં ભોગ બનનારની જન્મ તારીખમાં શંકા ઉપસ્થિત થાય છે અને અન્ય માનવાલાયક ખુલાસાની ગેરહાજરીમાં આંક–૨૯ વાળા જન્મના દાખલા માહેની નોંધ આંક–૧૦ વાળા શાળા છોડયાના દાખલાને ધ્યાને લેતા (ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩૫) સાક્ષ્ય અધિનિયમની કલમ–૨૯ અન્વયે પુરાવામાં ગ્રાહ્ય રાખવાપાત્ર જણાઈ આવતી નથી. વધુમાં, ઓસીફીકેશન રીપોટ રજુ રાખવામાં આવેલ નથી તે સંજોગોમાં પ્રોસીકયુશન તરફથી રજૂ થયેલ પુરાવા થકી ભોગ બનનારની જન્મ બાબતે શંકા ઉપસ્થિત થતી હોય

તે સંજોગોમાં પ્રોસીકયુશન તરફે બનાવ સમયે ભોગ બનનાર સગીરવયની હોવાનું માનવાલાયક પુરાવાની ગેરહાજરીમાં શંકારહિત સાબિત કરી શકેલ ન હોય કહેવાતા બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની એટલે કે ૧૮ વર્ષથી નાની વયની હોવાનુ પુરવાર કરવામાં પ્રોસીકયુશન નિષ્ફળ રહેલ હોય અને તે રીતે ભોગ બનનાર પોકસો એકટની કલમ-૨(ડી)(૧) અન્વયે " બાળક " હોવાનુ એટલે કે ૧૮ વર્ષથી નાની હોવાનુ ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય **જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપુ છું.**

**<u>મુદ્દા નં.૨</u>**

(૧૬) હવે, જયારે મુદ્દા નં. ૧ માં ભોગ બનનાર સગીર વયની નથી તેવુ અદાલતે ઠરાવેલ હોય ત્યારે ભોગ બનનાર બનાવ સમયે પુખ્ત વયની હતી અને તે સાપેક્ષમાં ભોગ બનનારના પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ રહે છે. વધુમાં, જયારે ભોગ બનનાર પુખ્ત વયની છે ત્યારે પોકસો એકટની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬ ટકવા પાત્ર રહેતી નથી. અને તેથી પોકસો એકટની કલમ ૨૯ અને કલમ ૩૦ અન્વયેના કાયદાકીય અનુમાન અસ્તિત્વમાં આવી શકે નહીં. હવે, ભોગ બનનાર પુખ્તવયની છે તે હકીકતને ધ્યાનમાં રાખી પ્રોસીકયુશન તરફે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ રહે છે. પ્રસ્તુત કેસમાં આરોપી વિરુધ્ધ આંક-૦૭ થી નીચે મુજબનું તહોમત ફરમાવવામાં આવેલ છે કે,

''આ કામના આરોપીએ તા.૦૧/૦૧/૨૦૧૯ થી તા.૧૩/૦૭/૨૦૨૫ સુધી ફરીયાદી/ભોગ બનનાર સગીર વયની હતી ત્યારથી તેની માતા અને ભાઈને મારી નાખવાની ધમકી આપી ફરીયાદી/ભોગ બનનારની મરજી વિરુધ્ધ આરોપીના જાકીર ટ્રેડર્સ નામના ભંગારના ગોડાઉનમાં અવાર-નવાર શારીરીક સબંધ બાંધી ગર્ભવતી બનાવેલ જેના પરિણામ સ્વરૂપે ફરીયાદીને તા.૧૩/૦૭/૨૦૨૫ ના સવારના કલાક ૦૭/૩૦ વાગ્યે પુરુષ બાળકનો જન્મ થયલ અને તે રીતે ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ-૬૪(૨)(એમ), ૩૫૧(૨) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬ મુજબ ગુનાઓનો આક્ષેપ છે."

(૧૭) હવે આ કામે પ્રોસીકયુશન તરફે આંક-૦૭ નુ તહોમતનામું પુરવાર કરવા માટે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે. હવે,

તહોમતનામાની વિગત વંચાણે લેતા ભોગ બનનારનો પુરાવો સૌથી મહત્વનો ગણી શકાય. ફરીયાદ પક્ષે **સાહેદ નં.૧ ભોગ બનનારને આંક-૦૯** થી તપાસેલા છે. ભોગ બનનારનો પુરાવો જોવામાં આવે તો બનાવના છ વર્ષ પહેલાં થી તેણી નુરાની મહોલ્લાના નાકે આવેલ ઝાકીર ટ્રેડર્સના ભંગારના કારખાનામાં ભંગાર છૂટું પાડવાની કામગીરી કરતી હતી. તે વખતે ભંગારના કારખાનામાં તેણી તથા તેની સાથે નયના તથા એક ચાચી પણ ત્યાં નોકરી કરતા હતાં. તેણીનો નોકરીનો સમય સવારના આઠ વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધીનો હતો. જેમાં બપોરના એકાદ વાગ્યાથી બે વાગ્યા સુધીનો રીસેસનો ટાઇમ હતો. તે સમયે ઝાકીર ટ્રેડર્સના માલિક ઉમર સૈયદ હતા અને તેઓ સાથે તેમની એક બીજાની સંમતિથી શારીરિક સબંધ હતા અને તેના કારણે તેણી ગર્ભવતી બનતા હમણા છ મહિના પહેલાં તેણીને બાળકને જન્મ થયેલ છે જે બાળક તેણીએ તેના સગા કાકાને કોઈ સંતાન ન હોવાથી દત્તક આપ લેની વિધીથી દત્તક આપેલ છે અને ત્યારથી આ બાળકનો કબજો તેણીના કાકા પાસે રહેલ છે. તેમજ બનાવ અંગેની તેણીએ ફરીયાદ આપેલ જે આંક-૧૧ થી રેકર્ડ ઉપર રજુ રાખેલ છે. પોલીસે તેણીનો જવાબ લીધેલો. તેણી ગર્ભવતી બનેલ તેથી તા.૧૩/૭/૨૦૨૫ નારોજ જમનાબાઇ હોસ્પિટલ ખાતે પુરૂષ બાળકનો જન્મ થયેલ અને બાળકને શ્વાસ લેવાની તકલીફ હોય જમનાબાઈ હોસ્પિટલથી એસએસજીએચ, વડોદરા ખાતે બાળ રોગ નિષ્ણાત વિભાગમાં દાખલ કરેલ અને તા. ૧૯/૮/૨૫ નારોજ સારું થતાં રજા આપેલ. તેણીને બાળકનો જન્મ થતાં તેણીની માતાને જાણ કરેલ આ અંગે તેણી ખુબ ગભરાઇ ગયેલી હતી. આ બાબતે તેણીને તેમના સમાજવાળા બોલવા લાગેલા જેથી તેણીએ બાપોદ પો.સ્ટે. ફરિયાદ આપેલી અને તેણીને દવાખાને લઈ ગયેલા. બનાવ બાબતે તેણીને ડોકટરને જાણ કરેલી નહી. તેમજ મેડીકલ પેપર્સમાં તેણીની સહી ઓળખી બતાવેલ છે. તેમજ ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન જે આંક-૧૨ થી રજુ રાખેલ છે. ફરિયાદ આપ્યાબાદ તેણીને મેજીસ્ટ્રેટ પાસે લઇ જવામાં આવતાં તેણીએ આ નિવેદન આપેલ છે. વધુમાં જણાવેલ છે કે,તપાસના કામે બનાવ સમયના કપડા પોલીસને આપેલા. જે મુ.માલ આર્ટી.૪ માર્ક એ/૧, મુ.માલ આર્ટી.૫

માર્ક–એ/૨ વાળા કપડા ઓળખી બતાવેલ છે. તેમજ આરોપીને ઓળખી બતાવેલ છે.

(૧૭.૧) બચાવપક્ષે આ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ જેમાં એ વાત કબુલ રાખેલ છે કે ઝાફરી ટ્રેડર્સ વાળું ગોડાઉન વસ્તીની વચ્ચે આવેલ છે અને ત્યાં આખો દિવસ લોકોની અવરજવાર થતી હતી. એ વાત કબુલ રાખેલ છે કે,આજથી દોઢેક વર્ષ પહેલાં તેણીને આરોપી ઉમર સાથે પ્રેમ સબંધ બંધાયેલા. એ વાત કબુલ રાખેલ છે કે,તે પહેલાં તેણીને આરોપી સાથે કોઇ શારીરિક સબંધ બંધાયેલા નહી. તેમજ ફરિયાદ લખાવવા બાબતે તેણીના કાકાનું તેની ઉપર દબાણ હતું તેવુ કબુલ રાખેલ છે.

(૧૮) ભોગ બનનારના પુરાવાની મુલવણી કરતા નિર્વિવાદ રીતે ભોગ બનનારનો પુરાવો જોતાં તેણી ગર્ભવતી થયેલ અને તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ જમનાભાઈ હોસ્પિટલ ખાતે પુરુષ બાળકને જન્મ આપેલ અને આંક–૫૬ વાળા (રીજીઓનલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી) ડીએનએ અહેવાલ મુજબ ભોગ બનનાર પુરુષ બાળકના જૈવિક માતા તથા આરોપી પુરુષ બાળકના જૈવિક પિતા હોવાનું જણાવેલ છે. તે માની લેવામાં આવે તેમ છતાં પણ ભોગ બનનાર જ્યારે મુદ્દા નંબર ૧ માં ચર્ચા કર્યા પ્રમાણે ભોગ બનનાર પુખ્ત વયની હોય તે સંજોગોમાં જે પણ કહેવાતો શારીરિક સંબંધ થયેલ તે ભોગ બનનારની સંમતિથી થયેલ હોવાનું માની શકાય તેમ છે. વધુમાં ભોગ બનનાર પોતાની ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે આશરે ત્રણ વર્ષ પહેલાં ઉંમર સાથે પ્રેમ સંબંધ બંધાયેલ, તે પહેલા આરોપી સાથે કોઈ શારીરિક સંબંધ બંધાયેલ નથી. એટલે કે કહેવાતા બનાવ વખતે આરોપી અને ભોગ બનનાર વચ્ચે કોઈપણ શારીરિક સંબંધ ન હતો તે ભોગ બનનારે ખુદ જણાવેલ છે. જેથી એક તબક્કે ભોગ બનનાર સગીર વયની છે માનવામાં આવે તો પણ ફરિયાદ કરી તે પહેલા આરોપી અને ભોગ બનનાર વચ્ચે કોઈ પણ શારીરિક સંબંધ બંધાયેલ નથી અને જે પણ શારીરિક સંબંધ બંધાયેલ છે તે વખતે ભોગ બનનાર પુખ્તવયની હતી. અલબત્ત, નોંધનીય છે કે ભોગ બનનારે પ્રોસીકયુશનના કેસને સમર્થન આપેલ ન હોય કેટલાક મુદ્દા સંદર્ભે પ્રોસીકયુશનના કેસને સમર્થન આપેલ ન હોય તેણીને વિમુખ

થયેલ જાહેર કરવામાં આવેલ છે. વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા છતાં મહત્વની હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થિત કરી શકેલ નથી. વધુમાં, ભોગ બનનારના સમગ્ર પુરાવાની મુલવણી કરતા આંક-૧૨ વાળું ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન વંચાણે લેવામાં આવે તો તેમાં પણ તેણી ચૌદ વર્ષની હતી ત્યારથી જાકીર ટ્રેડર્સમાં રમકડા શોર્ટીંગ કરવાનું કામ કરતી હતી અને ત્યારબાદ જાકીર ટ્રેડર્સના શેઠ ઉંમર સૈયદનાએ તેણીની સાથે છેડતી કરેલ હતી અને તેણીની સાથે શારીરીક સબંધ બાંધેલ...વિગેરે મુજબની હકીકત જણાવેલ છે. પરંતુ તેવી કોઈ હકીકત તેણીના અદાલત સમક્ષના પુરાવામાં જણાવેલ નથી. સ્પષ્ટ તેણીએ અદાલત સમક્ષના પુરાવામાં જણાવેલ છે કે,<u>જાકીર ટ્રેડર્સના માલીક ઉંમર સાથે એકબીજાની મરજીથી શારીરીક સબંધ બાંધેલ હતો અને તેના કારણે તેણી ગર્ભવતી થતા છ માહિના પહેલા બાળકને જન્મ આપેલ.</u> વળી, આરોપીએ ભોગ બનનારને તેણીની માતા અને ભાઈને મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ ભોગબનનાર કાંઇ જણાવતી નથી. જે મહતવનુ ઓમીશન ગણાય. આમ, ભોગ બનનારે કલમ-૧૮૩ મુજબના નિવેદનમાં અને ભોગ બનનારના અદાલત સમક્ષ જે પુરાવો આપેલ છે તેનાથી વિપરીત હકીકત જણાવેલ છે. આમ, ભોગ બનનારનું પોલીસ રૂબરૂનું નિવેદન, બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન તથા અદાલત સમક્ષના પુરાવામાં એમ દરેક તબકકે અલગ-અલગ વિરોધાભાસી કથનો રજુ રાખેલ હોય તે રીત જોતાં ભોગ બનનારનો પુરાવો એકસુત્રતાવાળો જણાઈ આવતો નથી. અને ભોગ બનનારનો પુરાવો વિશ્વસનીય જણાઈ આવતો નથી. આમ, જયારે ભોગ બનનારનો ખુદનો પુરાવો વિશ્વસનીય જણાઈ આવતો ન હોય ત્યારે અન્ય કોઈપણ પુરાવો પ્રોસીકયુશનને બળાત્કારના આક્ષેપો પુરવાર કરવા માટે મદદરૂપ નિવડી શકતો નથી તેમ છતાં રજુ થયેલ તબીબી પુરાવો ટુંકમાં જોવામાં આવે તો,

(૧૯) આ સાથે **સાહેદ નં.૪ ડો.રાઘવેન્દ્રનારાયણ રામ આધારસિંહનાઓનો આંક-૧૯** થી રજુ થયેલ પુરાવો જોતાં **આંક-૨૦** વાળી પોલીસ યાદીના આધારે ભોગ બનનારને શારીરીક તપાસણી માટે હાજર રાખવામાં આવેલ અને તે મુજબ ભોગ બનનારની જરૂરી સંમતિ લઈ અને ઓળખના ચિન્હો નોંધી

શારીરીક તપાસણી કરેલ તેણીએ તેમની સમક્ષ હિસ્ટ્રી આપેલ. ભોગ બનનારની શારીરીક તપાસણી કરતા તેણીને શારીરીક ઈજાના નિશાન જોવા મળેલ ન હતા. તેમજ એફ.એસ.એલ. તપાસણી અર્થે લાળ, નખ, સલાઈવા, પ્યુબીક તથા સ્કાલ્પ હેર, લોહીના નમુના, વજાઈનલ સ્વોબ, વલવલ સ્વોબ, વજાઈન સ્મીયરના નમુનાઓ લેવામાં આવેલા અને સીલપેક કરી હાજર કર્મચારીને એફ.એસ.એલ. તપાસ અર્થે સુપ્રત કરેલા. તે અંગેનો આંક–૨૧ થી ફોરવર્ડીંગ રજુ છે અને ઓપીડી કેસ પેપર્સ આંક–૨૨ થી રજુ છે. તેમજ ભોગ બનનારની તપાસણી અંગે મેડીકલ સર્ટીફીકેટ ઇસ્યુ કરેલ જે આંક–૨૩ થી રજુ છે. તેમના અભિપ્રાય મુજબ ભોગ બનનાર સાથે કોઈ બળજબરીના ચિન્હો જોવા મળેલ નહી પરંતુ શારીરીક હુમલો થયાની શકયતા નકારી શકાય નહી. ભોગ બનનારને આગળની ગાયનેક તપાસ માટે રીફર કરેલ. જયારે ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,ભોગ બનનારને પોલીસ યાદી સાથે લાવેલા. પોલીસયાદીમાં બનાવની ટુંકી વિગત લખેલી હતી.

(૨૦) આ સાથે **સાહેદ નં.૦૩ ડો.રાજેન્દ અંબાલાલ ચૌહાણનો આંક–૨૪** થી રજુ થયેલ પુરાવો જોતાં તા.૩૦/૦૭/૨૦૨૫ ના રોજ જમનાબાઈ હોસ્પિટલ, વડોદરા ખાતે ભોગ બનનારની વધુ ગાયનેક તપાસ માટે રીફર મેમા સાથે ભોગ બનનારને તેમની સમક્ષ લાવેલ. ભોગ બનનારની અને તેણીની માતાની જરૂરી સંમતિ ઓળખના ચિન્હો નોંધી લઈ ગાયનેક તપાસ કરેલી. ભોગ બનનારે બનાવ અંગેની હિસ્ટ્રી જણાવેલી. તેણીને કોઈ બાહય કે આંતરિક શારીરીક ઈજાના ચિન્હો ન હતા. ભોગ બનનારના શરીરના આંતરિક તપાસ કરતા હાયમેન જુનુ તુટેલુ માલુમ પડેલ. તેણીનો યુપીટી ટેસ્ટ કરતા તે નેગેટીવ આવેલ હતો અને સોનોગ્રાફીના રીપોર્ટ સામાન્ય હતો. ભોગ બનનારના સેમ્પલ લેવામાં આવેલ જેમાં બે વલવલ સ્વોબ, બે વજાઈનલ સ્વોબ અને એક વજાઈનલ સ્મીયર જે તમામ સીલપેક કરી તેઓએ તપાસના કામે હાજર પોલીસ કર્મચારીને ફોરવર્ડીંગ પત્રથી સુપ્રત કરેલ. જે અંગેનું સર્ટીફીકેટમાં અભિપ્રાય આપેલો કે, ભોગ બનનારની સાથે કોઈ જબરજસ્તી થયેલ હોય તેવા કોઈ ચિન્હો મળેલ નહી પરંતુ શારીરીક સબંધ બંધાયાની શકયતા નકારી શકાય નહી. આ અંગેનું સર્ટીફીકેટ તૈયાર

કરેલ જે આંક-૨૫ થી રજુ રાખેલ છે. આમ, ઉપરોકત તબીબી સાહેદોનો પુરાવો જોતાં બચાવપક્ષ ડીનાઈલ સિવાય ખાસ કોઈ મહત્વની હકીકત ઉપસ્થિત કરી શકેલ નથી.

**(૨૧)** ઉપરોકત તબીબી સાહેદોનો એકંદરે પુરાવો જોવામાં આવે તો આરોપી અને ભોગબનનારની શારીરીક તપાસણી કરેલ હોવાનું માની શકાય તેમ છે.જરુરી નમુનાઓ લેવામાં આવેલ હાવાનુ તથા ભોગબનનાર અને આરોપીએ તબીબી સાહેદો સમક્ષ હિસ્ટ્રી આપેલ હોવાનુ માની શકાય તેમ છે. તેમજ આરોપી શારીરીક સબંધ બાંધવા માટે સક્ષમ હોવાનુ માની શકાય તેમ છે. પરંતુ મેડીકલ પુરાવો એ સમર્થનકારક પુરાવો છે અને મુખ્ય પુરાવા મુજબ ભોગબનનાર સગીરવયની ન હોય, તે સંજોગોમાં તબીબી પુરાવો પર્યાપ્ત જણાઈ આવતો નથી. અને અંતમાં તબીબી પુરાવો પ્રોસીકયુશનને આક્ષેપિત તહોમત પુરવાર કરવા માટે ખાસ કોઈ રીતે મદદરૂપ નીવડતો નથી. તેમજ તબીબી પુરાવો એક સમર્થનકારક પુરાવો ગણી શકાય પરંતુ જયારે મુખ્ય ભોગ બનનારની ઉંમર બાબતના પુરાવા સંદર્ભે મુદા નં.૧ માં પુખ્ત વયની હોવાનું અત્રેની અદાલત ધ્વારા તારણ આપવામાં આવેલ હોય તે સંજોગોમાં ભોગ બનનાર અને આરોપી વચ્ચે જે પણ શારીરિક સંબંધ બંધાયેલ હોય તે સંમતિથી બંધાયેલ હોય અને Consensual Relationship હોય તે સંજોગોમાં તબીબી પુરાવો પણ પ્રોસીકયુશનને ખાસ કોઈ રીતે મદદરુપ નિવડતો નથી.

**(૨૨)** નોંધનીય છે કે,ભોગ બનનારને શારીરીક તપાસણી માટે તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ હાજર રાખેલ અને ભોગ બનનારે તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ એક પુરુષ બાળકને જન્મ આપેલ છે. એ સાપેક્ષમાં આંક-૫૫ વાળો એફ.એસ.એલ. અહેવાલ (પ્રાદેશીક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા) વંચાણે લેતા ભોગ બનનારના કપડા નમુનો-એ-૨- લેંઘો (પાયજામો), તેમજ ભોગ બનનારના મેડીકલ નમુના નમુનો-સી/૭-વજાનલ સ્વોબ, નમુનો-સી/૯-વલવલ સ્વોબ વિગેરેમાં માનવ રુધિર જોવા મળેલ છે જેનુ રુધિર જુન ''બી(B)'' છે. જે ભોગ બનનારનું પોતાનુ રુધિર જુથ મળી આવેલ છે તે સ્વાભાવિક ગણી શકાય.

(૨૩) હવે, પોલીસ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો, **સાહેદ નં.પ મનસુખ કાનજીભાઈ ગુર્જરનાઓનો આંક-૩૩** થી નોંધવામાં આવેલ પુરાવો જોતાં આ સાહેદએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીની વિસ્તૃત છણાવટ કરતી જુબાની રજુ રાખેલ છે અને આ સાહેદ પોતાના પુરાવામાં જણાવેલ છે કે તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ તેઓ ફરજ બજાવતા હતા ત્યારે એસએસજી હોસ્પીટલમાંથી દવાખાના વર્ધી મળતા વુ.પીએસઆઈ આર.બી.પટેલનાંઓ હોસ્પીટલ ગયેલા અને ત્યાં ભોગ બનનાર/ફરીયાદી હાજર મળી આવતા તેઓએ તેમની રુબરુ ફરીયાદ હકીકત જાહેર કરેલ કે,"ફરીયાદી/ભોગ બનનારને તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ અચાનક પેટનો દુખાવો થતાં તેઓ તેમની માતા સાથે જમનાબાઈ હોસ્પીટલમાં સારવાર માટે ગયેલા અને ત્યાં ડોકટરોએ તપાસ કરી ભોગ બનનાર/ફરીયાદી ગર્ભવતી હોવાનું જણાવેલ અને તેણીએ એક પુરુષ બાળકને જન્મ આપેલો. અને આ બાબતે તેઓએ ઉમર સૈયદ વિરુધ્ધ ફરીયાદ તેમની રુબરુ ફરીયાદ નોંધાવેલી. આગળ પુરાવામાં જણાવેલ છે કે,સદર ફરીયાદ તેઓએ ગુનો રજીસ્ટર કરવાના હુકમ સાથે પીએસઓ તરફ મોકલી આપતા પીએસઓએ ફરીયાદ મુજબનો ગુનો નોંધી તેની આગળની તપાસ તેમની તરફ ડેપ્યુટ કરતો લેખીત હુકમ કરેલો. તેઓએ ઉપરોકત ગુનાની તપાસ સંભાળી લીધેલી. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. તેમજ ભોગ બનનારનું વિશેષ નિવેદન લીધેલુ. આરોપી મળી આવતા તેની શરીરસ્થિતીની તેમજ તેણે બનાવ વખતે પહેરેલા કપડા કબ્જે લેવાનું તેમના રૂબરુનુ વિગતવારનુ પંચનામુ કરેલુ. સરકારી પંચો ફાળવવા માટે યાદી કરેલ અને પંચો ફાળવતાં આરોપી ગુનાવાળી જગ્યા બતાવતા હોય તે અંગેનુ તેમના રૂબરુમા વિગતવારનુ પંચનામુ કરેલ. તેમજ ભોગ બનનાર તથા આરોપીની શારીરીક ચકાસણી કરવા માટે લેખીત યાદી કરેલ. ભોગ બનનારનાં કાકાએ દવાખાના વર્ધી લખાવેલ હોય તે કામમાં સામેલ રાખેલ. બાદ ભોગ બનનારનું બીએનએસએસ-૧૮૩ મુજબનુ નિવેદન મેળવવામાં આવેલ. બાદ આરોપીની દુકાનમાં કામ કરનાર નૈનાબેનનું નિવેદન નોંધી કામમાં સામેલ રાખેલ. ભોગ બનનારનો જન્મનો દાખલો વેરીફાય કરવા માટે જન્મ મરણ રજીસ્ટ્રારને જરુરી યાદી કરેલ અને દાખલો ખરાઈ થઈ આવતાં કામમાં

સામેલ રાખેલ. આ દરમ્યાન આરોપી, ભોગ બનનારનાં કપડા તથા મેડીકલ ઓફીસરશ્રી ધ્વારા આપેલ સેમ્પલો વિ.ની એફએસએલ તપાસણી કરાવવી જરૂરી હોય રવાનગી નોંધ સાથે એફએસએલ કચેરી વડોદરા તથા સુરત ખાતે મોકલી આપેલ. બાદ એફએસએલ ખાતેથી ડીએનએ રીપોર્ટ પોઝીટીવ આવતા ચાર્જશીટ સાથે સામેલ રાખેલ. આ તપાસ દરમ્યાન જરૂરી જણાયેલા અન્ય સાહેદોનાં નિવેદનો લીધેલ. બાદ આરોપી વિરુધ્ધ મહદઅંશે તપાસ પૂર્ણ થઈ ગયેલ હોય અને આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા જણાય આવતા હોય નામદાર કોર્ટમાં આંક-૧ વાળુ ચાર્જશીટ દાખલ કરેલ. આરોપીને અદાલત સમક્ષ ઓળખી બતાવેલ છે. તેમજ મુદામાલ ઓળખી બતાવેલ છે. તેમજ આંક-૩૪ થી આંક-૬૧ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

**(૨૩.૧)** બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે,ફરીયાદ આપી તે વખતે ભોગ બનનારની ઉંમર ૨૩ વર્ષની હતી. તેમજ તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ દવાખાના વર્ધી અવેલી તેના અનુસંધાનમાં ભોગ બનનારનું નિવેદન લેવામાં આવેલ. આ નિવેદન મુજબ ભોગ બનનારે ફરીયાદ આપવાની ના પાડેલી તેવુ કબુલ રાખેલ છે.

**(૨૪)** પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૬ પ્રજ્ઞાબેન હસમુખભાઈ બ.નં.૨૨૦૩નાઓનો આંક-૬૨** થી નોંધવામાં આવેલ પુરાવો જોતાં તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ તેઓ બાપોદ પો.સ્ટે.માં પીએસઓ તરીકે ફરજ બજાવતા હતા ત્યારે વુ.પીએસઆઈ આર.બી.પટેલનાઓએ ફરીયાદીની લેખિત ફરીયાદ તેમને ગુનો રજીસ્ટર કરવા સારુ મોકલી આપેલ. જે ફરીયાદ તેઓએ સ્ટેશન ડાયરીમાં ગુનો રજીસ્ટર કરેલ અને આગળની તપાસ પીઆઈશ્રી એમ.કે.ગુર્જરનાઓને સુપ્રત કરેલ. જે સ્ટેશન ડાયરની પ્રમાણીત નકલ આંક-૬૩ થી રજુ રાખેલ છે. આ સાહેદે ગુનો રજીસ્ટર કર્યા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ ન હોવાનું જણાઈ આવે છે.

**(૨૫)** ઉપરોકત પોલીસ સાહેદોનો પુરાવો જોવામા આવે તો પોલીસ સાહેદોએ ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીનો વિસ્તૃત પુરાવો રજુ રાખેલ છે અને પ્રોસીકયુશન તરફથી સદરહુ તપાસ કરનાર અમલદારના પુરાવામાં

સાહેદોના પુરાવા દરમિયાન આવેલ કોન્ટ્રાડીકશન પુછીને પુરવાર કરવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ આવા સાહેદો જયાં સુધી પોલીસ રૂબરૂ આપેલ નિવેદનો મુજબનો પુરાવો અદાલત સમક્ષ સોગંદ ઉપર આપે નહી ત્યા સુધી તેવા ફરી ગયેલા સાહેદોના નિવેદનોમાં આવેલ કોન્ટ્રાડીકશન તપાસ કરનાર અમલદારની જુબાનીમાં પુછી લેવાથી ફરિયાદ પક્ષનો કેસ સાબિત થઇ ગયેલાનું માની શકાય નહી. સદરહુ સાહેદ તપાસ કરનાર અમલદાર છે એટલા માત્ર કારણસર જ તેમના પુરાવાને નહી માનવો જોઇએ તેવા કોઇ કાયદાકીય ધોરણો નથી પરંતુ જયારે પોકસો એકટના આક્ષેપો તથા તે સંદર્ભે પીડિતાનો પુરાવો મહત્વનો ગણી શકાય. આ પોલીસ સાહેદોએ પોતાની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી સબબનો જે પુરાવો રજુ રાખેલ છે તે તમામ માની લેવામાં આવે તેમ છતાં પણ જયારે મુખ્ય ભોગ બનનારની ઉંમર બાબતના પુરાવા સંદર્ભે મુદા નં.૧ માં પુખ્ત વયની હોવાનું અત્રેની અદાલત ધ્વારા તારણ આપવામાં આવેલ હોય તે સંજોગોમાં ભોગ બનનાર અને આરોપી વચ્ચે જે પણ શારીરિક સંબંધ બંધાયેલ હોય તે સંમતિથી બંધાયેલ હોય અને Consensual Relationship હોય જેથી પ્રોસીકયુશનને આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ખાસ કોઇ રીતે મદદરૂપ નિવડી શકતો નથી.

**(૨૬)** આમ, ઉપરોકત રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા પ્રોસીકયુશન આરોપી વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામું પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે, વળી, ભોગ બનનાર પુખ્ત વયની હોવાનુ તારણ આપેલ હોય ત્યારે પોકસો એકટની કલમ-૨૯ અને કલમ-૩૦ અન્વયેના કાયદાકીય અનુમાન પ્રોસીકયુશનને મદદરૂપ નિવડતા નથી. અને પ્રોસીકયુશન તરફથી જે પુરાવો રજુ થયેલ છે તેનુ મુલ્યાંકન કરતા સ્પષ્ટપણે ભોગ બનનાર અને આરોપીની વચ્ચે સંમતીથી શારીરિક સંબંધ થયેલ હોવાનુ પુરવાર થતુ હોય અને તેના પરિણામ રુપે ભોગ બનનારે તા.૧૩/૦૭/૨૦૨૫ ના રોજ એક પુરુષ બાળકને જન્મ આપેલ હોય તે સંજોગોમાં પ્રોસીકયુશન તરફથી રજુ થયેલ પુરાવા થકી આક્ષેપિત તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. તેમજ પ્રસ્તુત કેસના સંજોગો ધ્યાને લેતા ભોગબનનારને અગાઉ વચગાળાનું વળતર ચુકવવામાં આવેલ હોય, વધુ વળતર આપવા માટેનો

કોઇ યોગ્ય કેસ જણાય આવતો નથી, જેથી વળતર અંગેનો કોઇ હુકમ કરવામાં આવતો નથી.

(૨૭) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ મુદ્દા નં.૧ માં ભોગ બનનાર સગીર વયની હોવાનુ સાબિત કરવામાં પ્રોસીકયુશન નિષ્ફળ રહેલ હોય ત્યારે મુદ્દા નં.૨ સંદર્ભે આરોપીએ ભોગ બનનારને તેણીની માતા અને ભાઈને મારી નાખવાની ધમકી આપી અવાર–નવાર શારીરીક શારીરીક સબંધ બાંધી દુષ્કર્મ કરી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૬૪(૨)(એમ), ૩૫૧(૨) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬ મુજબના શિક્ષાપાત્ર ગુના કર્યા હોય તેવી હકીકત નિશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં પ્રોસીકયુશન નિષ્ફળ નિવડેલ હોય અને આવી વ્યાજબી શંકાનો લાભ આરોપીને આપવો ન્યાયી, ઉચિત જણાતું હોય તેવો સંજોગોમાં **મુદા નં.૨ નો નિર્ણય નકારમાં** આપી, **મુદા નં.૩ પરત્વે** નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>––// આખરી હુકમ //––</u>

(૧) આથી, બી.એન.એસ.એસ.ની કલમ ૨૫૮(૧)અન્વયે આ કામના આરોપી મોહમદ ઉંમર અબ્દુલજબ્બાર સૈયદનાઓને બાપોદ પોલીસ સ્ટેશન પાર્ટ–એ–ગુ.ર.નં.૧૧૧૯૬૦૦૨૨૫૦૪૨૦/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ–૬૪(૨)(એમ), ૩૫૧(૨) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૩(એ), ૪, ૫(એલ), ૫(જે)(૨), ૬ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આથી આ કામના આરોપીના જામીન તથા જામીન ખત રદ કરવામાં આવે છે.

(૩) આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ નામદાર વડી અદાલત સમક્ષ જો ભવિષ્યમાં અપીલ થાય તો તે દરમિયાન હાજર રહેવા

માટે રૂ.૧૦,૦૦૦/– ના જાત જામીન તથા તેટલી જ રકમના સદ્ધર જામીન અપીલ પીરીયડ ૬(છ) માસના સમયગાળા માટેના આપવાના રહેશે.

(૪) આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ બિન કિંમતી મુદામાલનો અપિલ સમય પુરો થયેથી ક્રિમિનલ મેન્યુઅલની જોગવાઇ અનુસાર નિકાલ કરવો. અને જો અપિલ થાય તો નામ. અપિલ અદાલતના હુકમ મુજબ વર્તવું.

આ ચુકાદો આજરોજ તારીખ–૨૮મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ વડોદરા મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૭/૨૦૨૬
સ્થળઃ વડોદરા.

**( શકુન્તલા નરેશ સોલંકી)**
ફાસ્ટ ટ્રેક સ્પેશીયલ કોર્ટ, **(પોકસો)**
અધિક સત્ર ન્યાયાધીશ,
વડોદરા
(જજ કોડ નં.જીજે૦૦૬૨૩)

P.M.BAGUL